# રાંધેજામાં નજીવી બાબતે ધોકા ફટકારીને વૃદ્ધ પુજારીની હત્યા

## પાણી ભરવા દેવાનું કહેતા બોરકુવાના સંચાલકે હિંસક હુમલો કર્યો : મોડી સાંજે હત્યારાની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર નજીક ઓલા રાંધેજા ગામની ગૌચર સીમમાં સ્થિત કામાક્ષીમાતાની ડેરીના ૭૦ વર્ષના વૃદ્ધ પુજારીની બોરકુવામાંથી પાણી લેવા દેવાની નજીવી બાબતે બોરકુવા સંચાલક યુવાને માથે ધોકો ફટકારી હાથ-પગ તોડી નાંખી હત્યા કરી નાંખતા ચકચાર મચી જવા પામી છે. વૃદ્ધ પુજારીને માથે ગંભીર ઈજાઓને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના અરસામાં મૃત્યુ નિપજ્યું હતું. પેથાપુર પોલીસે આ બનાવ અંગે હત્યાનો ગુનો દાખલ કરી ફરાર થઈ ગયેલા હત્યારાને શોધીને મોડી સાંજે પીએસઆઈ ઓ.એમ. દેસાઈએ ધરપકડ કરી લઈ રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર પાસેના રાંધેજા ગામના ગૌચર સીમમાં સ્થિત કામાક્ષીમાતાની ડેરી પાસે એક બોરકુવો આવેલો છે. આ કુવાનું સંચાલન રાંધેજાનો યુવાન રાજેશ ઉર્ફે ટીનો અર્જુનભાઈ દંતાણી કરે છે. તેટલા વિસ્તારમાં એક જ બોરકુવો હોવાથી ઘણા લોકો ત્યાં પાણી ભરવા આવ-જા કરે છે. પરંતુ રાજેશ બોરકુવાનો હવાડો ખાલી કરી દેતો હતો. જેથી ગઈકાલે બપોરે કામાક્ષી માતાની ડેરીના પુજારી મહારાજ રાજીવગીરી ગુરૂક્ષીકુલ ગીરી (ઉં.વ.૭૦)એ જરૂરીયાતમંદોને પાણી ભરવા દેવા સુચન કર્યું હતું. જેથી થયેલી બોલાચાલી બાદ ઉશ્કેરાઈ જઈને રાજેશ દંતાણીએ લાકડાનો જાડો ધોકો લીધો અને મહારાજના બન્ને પગે, હાથે અને માથે ફટકારતા હાથ-પગ ફ્રેક્ચર કરી નાંખ્યા હતા અને માથે ગંભીર ઈજા થવા પામી હતી. વૃદ્ધ મહારાજને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા પરંતુ હાલત વધુ ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

સાંજે ૭ વાગ્યાના અરસામાં સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું. પાણી ભરવા દેવા જેવી નજીવી બાબતે મહારાજની હત્યા કરીને ફરાર થઈ જનાર રાંધેજાના રાજેશ દંતાણી વિરૂદ્ધ પેથાપુર પોલીસે ઉષાબેન જગદીશભાઈ દેવીપૂજકની ફરીયાદને આધારે હત્યાનો ગુનો દાખલ કરી મોડી સાંજે તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. હત્યા કરવા માટે વપરાયેલો ધોકો હજુ મળી આવ્યો નથી. પોલીસે હત્યારાના રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.


ગાંધીનગરના સેક્ટર-૧૧ ખાતે આવેલ એલ.આઈ.સી. ઓફિસના ડીવીઝનલ મેનેજર બારેયાનો વિદાય સમારંભ યોજાયો હતો તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

### ૨૮૨ ગોળ રાવળ યોગી સમાજના ૧૦૧ નવદંપતી પ્રભુતાના પગલાં પાડશે

ગાંધીનગર, તા. ૧૮

૨૮૨ ગોળ રાવળ - યોગી સમાજ આયોજિત ૧૦૧ નવદંપતીની પ્રથમ સમૂહ લગ્નોત્સવ ૨૦૧૩ તા. ૧૯મી મે, રવિવારના રોજ ૪૧ ગામ કડવા પાટીદાર સમાજવાડી માણસા-વિજાપુર રોડ યોજાયેલ છે.

દેવેન્દ્રભાઈએ રાવળ પ્રમુખ, ગુજરાત રાજય રાવળ યોગી ઉત્તેજક મંડળ, પ્રહલાદભાઈ ડી. રાવળ, મહામંત્રીએ જણાવેલ છે.

### સૌરાષ્ટ્ર કચ્છ સેવાસમાજે આગામી વર્ષનુ આયોજન કર્યું

ગાંધીનગર, તા. ૧૮

મહિલા શિવણવર્ગ સેક્ટર-૨૨ ખાતે સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજની કારોબારી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦૧૩ દરમિયાન યોજવામાં આવનાર કાર્યક્રમોનું સફળ આયોજન સંદર્ભે આ મીટીંગ યોજવામાં આવી હતી.

કશ્યપ નિમાવત, વિપુલ પંડ્યાનાં જન્મદિન નિમિત્તે સમાજ તરફથી શુભેચ્છાઓ આપવામાં આવી હતી. ગત વર્ષના કાર્યક્રમોની સમિક્ષા આગામી વર્ષમાં યોજવામાં આવનાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના સર્વશ્રી કુંવરજી દાદા, મગનદાદા કાકડીયા, જીલુભા ધાંધલ, નિલેન્દુભાઈ વોરા, સી.એસ. મહેતા હાજર રહ્યા હતા.

# પેથાપુરમાં મકાનની દિવાલ ધસી પડતા બે મહિલા મજુરો ઘાયલ

## નવા મકાનનું બાંધકામ ચાલી રહ્યું હતું : બન્ને ઈજાગ્રસ્ત મહિલા સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર પાસેના પેથાપુર ગામના નવા ડેલા વિસ્તારમાં ચાલતી સિદ્ધેશ્વરી રેસીડેન્સીની બાંધકામ સાઈટ પર ચણતર કામ ચાલી રહ્યુ હતું તે દરમ્યાન માટી ઘસી પડતાં દિવાલ પડી હતી જેમાં બે મહિલા મજુરો દટાઈ ગયા હતા. બન્ને મહિલા મજુરોને સલામતીપૂર્વક બહાર કાઢીને ઈજાગ્રસ્ત હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. પેથાપુર પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે.

પેથાપુરના નવા ડેલા વિસ્તારમાં બની રહેલી નવી સ્કીમ સિદ્ધેશ્વરી રેસીડેન્સીમાં મકાનનું કામ ચાલી રહ્યું હતું ત્યારે બપોરના સુમારે કોઈ રીતે માટી ઘસી પડતા ત્યાં કામ કરી રહેલા બે મહિલા મજુરો દિવાલ નીચે દટાઈ ગઈ હતી. બન્ને મહિલાઓને બહાર નીકાળીને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. રેણુકાબેન અલ્કેશકુમાર ડામોર અને સુનીતાબેન કાજુભાઈ ડામોર બન્ને ઈજાગ્રસ્ત મહિલાઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જેમની તબીયત હાલ સુધારા પર છે. પેથાપુર પોલીસ આ સંબંધે ગુનો નોંધી એએસઆઈ ચંદ્રસિંહે ઘટના કેવી રીતે બની તેની તપાસ શરૂ કરી છે.

# રાયપુર નર્મદા કેનાલમાં ઝંપલાવી આધેડનો આપઘાત

ગાંધીનગર, તા. ૧૮

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા આધેડ વયના અરવિંદભાઈ ધાનાણીએ ગાંધીનગર નજીકની રાયપુર નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. કેનાલ સિક્યોરીટી ગાર્ડે આજે બપોરે રાયપુર પાસેની પેટ્રોલીંગમાં નીકળ્યો ત્યારે કેનાલના પાણીમાં તરતો મૃતદેહ દેખાયો હતો. ડભોડા પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

અમદાવાદના બાપુનગર હિરાવાડી વિસ્તારમાં આવેલી આસોપાલવ સોસાયટીમાં રહેતા ૪૫ વર્ષીય અરવિંદભાઈ મોહનભાઈ ધાનાણી ઘરેથી ચાલ્યા ગયા બાદ આજે બપોરે રાયપુર નર્મદા કેનાલમાંથી તેમનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલ સિક્યુરીટી ગાર્ડનું ધ્યાન મૃતદેહ પર પડતા પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. ડભોડા પોલીસ મથકના પી.એસ.આઈ. વી. વી. પરમાર સ્ટાફ સાથે બનાવ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહને બહાર કઢાવી ઓળખ માટે તપાસ કરતાં બાપુનગરના અરવિંદભાઈનો જ મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવી પરિવારજનોને સોંપી દેવામાં આવ્યો હતો અને આધેડે આપઘાત ક્યાં કારણોસર કર્યો તેનું કારણ બહાર લાવવા તપાસ તેજ બનાવવામાં આવી છે.

# કલોલ તાલુકાના સઈજ ગામે કૃષિ મહોત્સવ અંતર્ગત લાભાર્થીઓને કિટ્સનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૮

વૈજ્ઞાનિક અને આધુનિક ખેતી પદ્ધતિઓ દ્વારા ઓછા ખાતર-પાણીએ મહત્તમ પાક ઉત્પાદન અને આવક કઈ રીતે મેળવી શકાય તેની વૈજ્ઞાનિકો દ્વારા જાણકારી કૃષિ મહોત્સવ દ્વારા ગામેગામ આપવામાં



આવી રહી છે.

ગાંધીનગર જિલ્લાના માણસા, કલોલ, દહેગામ અને ગાંધીનગર તાલુકામાં ૬ કૃષિ રથની સાથે કૃષિ વૈજ્ઞાનિકો, ખેતી-પશુપાલન-બાગાયત, સહકારી મંડળીઓ, વન વિભાગ, પાણી-પુરવઠા, સિંચાઈ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ કૃષિ મહોત્સવ અંતર્ગત વિવિધ માર્ગદર્શન આપી રહયાં છે.

કલોલ તાલુકાના સઈજ ખાતે આજરોજ કૃષિ રથનું ઉમળકાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ -સંગે મહાનુભાવોના હસ્તે ખેતીની ૧૩ અને પશુપાલનની ૧૦ મળી કુલ- ૨૩ કિટૂસનું વિતરણ તેમજ રબારી -કાશભાઈ સાગરભાઈને ટ્રેકટર સહાય માટેના રૂપિયા ૪૫ હજારના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ -સંગે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક ડૉ. રત્નદીપસિંહ, મદદનીશ ખેતી નિયામક શ્રી પી.આર.હડિયોલ, ભાજપ તાલુકા -મુખ શ્રી રમેશજી ઠાકોર, ભાજપ તાલુકા ઉપ-મુખ શ્રી ભુલાભાઈ દેસાઈ, મંત્રી શ્રી હંસાબેન પટેલ, ગામના સરપંચ શ્રી -કાશ પટેલ, નાયબ માહિતી નિયામક શ્રી -જ્ઞા પટેલ, આત્મા -ોજેકટના ડૉ. જયુડીબેન પટેલ, વિસ્તરણ અધિકારી શ્રી પી.એન.પટેલ, શ્રી જે.પી.પટેલ, -ગતિશીલ ખેડૂત શ્રી વિષ્ણુભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહયાં હતા. કૃષિ વિભાગના અને અન્ય મહાનુભાવોએ કૃષિલક્ષી વિવિધ માહિતી, યોજનાકીય જાણકારી સાથેના -ાસંગિક વકતવ્ય આપ્યા હતા. કાર્યક્રમમાં સઈજ અને આરસોડિયાના ખેડૂતો મોટી



સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતા.

આ -સંગે વિવિધ સરકારી યોજનાઓની જાણકારી આપતું -દર્શન પણ યોજવામાં આવ્યું હતું.

# જૂના સેક્ટરોમાં માર્ગોના ખાડા પૂરવા પેચવર્ક શરૂ

## સેક્ટરના એપ્રોચ પર સ્થિત બમ્પને થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવવા કામ હાથ ધરાયું

ગાંધીનગર, તા. ૧૮

શહેરમાં ચોમાસા પૂર્વે માર્ગોને પેચવર્ક કરવા તંત્રએ કામ હાથ ધર્યું છે. સે. ૨૦ થી ૩૦માં માર્ગ નવીનીકરણનું કામ હજુ બાકી છે. ભારે ઉબડ-ખાબડ માર્ગોના ગાબડા પુરવા કવાયત હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત શહેરના માર્ગો પર બમ્પને થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવવા પણ તંત્ર કામે લાગ્યું છે.

શહેરના નવ વિકસિત વિસ્તારમાં આંતરિક માર્ગોને ચકાચક બનાવી દેવાયા છે. જ્યારે શહેરના મુખ્યમાર્ગો ઉપરાંત સે. ૬ થી ૧૯માં પણ રસ્તા સુધારણાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. પરંતુ સે. ૨૦ થી ૩૦ માં પાંચ વર્ષના અંતે પણ આંતરિક માર્ગોની સુધારણાનું કામ હાથ ન ધરાતા ઉબડ-ખાબડ રસ્તાઓ સ્થાનિક રહીશો માટે શિરદર્દ સમાન બન્યા છે. આ મામલે અગાઉ મેયર કક્ષાએથી પણ તંત્રને રજૂઆત કરવામાં આવી હતી. જેના પગલે સેક્ટરોના આંતરિક માર્ગોના ગાબડા પુરવા હાલ પેચવર્કનું કામ હાથ ધરાયું છે. જૂના સેક્ટરોમાં સે. ૨૧ શોપીંગ વિસ્તાર ઉપરાંત સોસાયટીઓને જોડતા રીંગરોડ પણ ખરબચડો બની ગયો છે. કાચબાની પીઠ સમાન રસ્તાઓ ઉપર કેટલાક ઠેકાણે ખાડાઓ અસ્તિત્વમાં આવતા વાહનચાલકો પણ પણ તોબા પોકારી ગયા છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ પાટનગર યોજના ભવન દ્વારા રસ્તાઓનું પેચવર્ક હાથ ધરવામાં આવ્યુંછે. આ ઉપરાંત શહેરના એપ્રોચ માર્ગો સહિત મુખ્યમાર્ગો પર સ્થિત બમ્પસને થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવવા પણ ટીમ કામે લાગી છે.

# ગાંધીનગર માણસા ગામે સર્વજ્ઞાતિય સમૂહલગ્નમાં બાવન હિન્દુ-મુસ્લિમ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના માણસા ગામે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૧૨-૫-૨૦૧૩ને રવિવારના રોજ એક સર્વજ્ઞાતિય



સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાવન નવદંપતિઓએ ભાગ લઈને પ્રભુતામાં પગલાં પાડ્યાં હતાં. આ બાવન નવદંપતિઓ પૈકી દલિત સમાજ, ઠાકોર સમાજ, ક્ષત્રિય સમાજ, આદિવાસી સમાજ, દરજી સમાજ, બારોટ સમાજ, સથવારા સમાજના નવદંપતિઓને ગાયત્રી પરિવાર દ્વારા તથા મુસ્લિમ સમાજના નવદંપતિઓને મૌલવી સાહેબ દ્વારા નિકાહખાની પઢાવીને લગ્નવિધિ સંપન્ન કરવામાં આવી હતી.

માણસા ખાતે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર દ્વારા સૌ પ્રથમવાર સર્વજ્ઞાતિય સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અદ્‌ભૂત સફળતા સાંપડી હતી. આ પ્રસંગે જામનગરથી અણદાબાબા એવા સંસ્થાના પ.પૂ. સંતશ્રી દેવીપ્રસાદજી સ્વામી આર્શિવચન આપવા ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત મહેસાણાના સંસદસભ્ય શ્રીમતી જયશ્રીબેન પટેલ, માણસા વિસ્તારના ધારાસભ્યશ્રી અમિતભાઈ ચૌધરી, અમદાવાદ



જિલ્લા ભા.જ.પ.ના પ્રમુખશ્રી કમાભાઈ રાઠોડ વિગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચનો દ્વારા આ કોમી એકતાના પ્રસંગને બિરદાવ્યો હતો અને નવદંપતિઓને આશિર્વાદ પાઠવ્યા હતા.

સમગ્ર પ્રસંગનું આયોજન સંસ્થાના માનદ્ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ વ્યાસ કે જેઓ ગુજરાત વિધાનસભાના અધ્યશ્રશ્રીના અંગત સચિવ તરીકે સેવાઓ બજાવી રહ્યા છે. તેઓએ તેમના દિકરા-દિકરીના લગ્નની પ્રથમ લગ્નતિથિએ કરીને સમાજને એક આગવું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

તેઓશ્રીના આ કાર્યમાં માણસા તેમજ આજુબાજુના કર્મવીરોનો શ્રમદાન દ્વારા સહયોગ સાંપડ્યો હતો. તેમજ આ સતકાર્યમાં અનેક શ્રેષ્ઠીઓએ પણ આર્થિક યોગદાન આપીને સર્વજ્ઞાતિય સમૂહલગ્નના આ યત્રમાં પોતાની આહુતિ આપી હતી.

# કૈલાસ-માનસરોવર યાત્રા ૨૦૧૩ના યાત્રીઓ માટે

ગાંધીનગર, તા. ૧૮

કૈલાસ-માનસરોવર યાત્રાનું ખૂબ મહાત્મ્ય છે. ઘણી કઠિન અને પવિત્ર યાત્રા છે. ભારત સરકાર દ્વારા ભારતના યાત્રીઓ માટેની વ્યવસ્થા-આયોજન કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા યોજવામાં આવેલ કૈલાસ માન સરોવર યાત્રામાં જ યાત્રીઓએ ફોર્મ ભર્યા હોય તેનો સિલેક્શન ડ્રો તા. ૧૫-૪-૧૩ના રોજ થઈ ગયેલ છે. આ અંગેની યાત્રા અંગેની વધુ જાણકારી તથા માર્ગદર્શન માટે ગાંધીનગર સ્થિત કૈલાસ માનસરોવર સેવા સમિતિના હોદ્દેદારોનો સંપર્ક કરવા વિનંતી છે. આ માટે શ્રી વિપિનભાઈ પંડ્યા મો. નં. ૯૪૨૬૬૧૪૯૧૦નો સંપર્ક કરવો.

ગાંધીનગરની કૈલાસ માનસરોવર સેવા સમિતિ દ્વારા પ્રતિ વર્ષ યાત્રામાં જોડાતા (ભારત સરકારની કે ખાનગી ટ્રાવેલ્સ દ્વારા) ગાંધીનગરના યાત્રીઓને સમારંભ યોજી યાત્રાની શુભેચ્છા પાઠવવામાં આવે છે. આ માટે પણ સમિતિનો સંપર્ક કરવા વિનંતી છે.

કૈલાસ માનસરોવર યાત્રાએ જઈ આવેલા તમામ યાત્રીઓ આ સમિતિના સભ્ય બની શકે છે. એમ સંસ્થાના પ્રમુખ શ્રી ક્રીશ્નકુમાર રાણાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૮
સૂર્યાસ્ત : ૭.૦૨

## તાપમાન

મહત્તમ : ૪૩.૪ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઈપીઆઈસી (૩ડી) (હિન્દી) : ૯.૦૦, ૧.૩૦, ૬.૦૦
ધ રિલેકટન્સ ફંડામેન્ટલીસ્ટ (હિન્દી) : ૧૧.૦૦, ૩.૩૦, ૧૦.૩૦
આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૮.૦૦

: સ્ક્રીન-૨ :
ગો ગોઆ ગોને : ૧૦.૦૦, ૮.૧૫
આશિકી-૨ : ૧૨.૧૫, ૨.૪૫, ૧.૩૦
શૂટ આઉટ એટ વડાલા : ૫.૧૫

: સ્ક્રીન-૩ :
ઔરંગજેબ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
ઔરંગજેબ : ૯.૦૦, ૧૨.૦૦, ૯.૦૦
ગો ગોઆ ગોને : ૩.૦૦
આશિકી-૨ : ૬.૦૦

### સૂર્યા, વાવોલ

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઔરંગજેબ: ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
આશિકી-૨ : ૧૦.૩૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ઔરંગજેબ : ૩.૩૦

: સ્ક્રીન-૩ :
શૂટ આઉટ વડાલા : ૧૦.૧૫, ૪.૦૦, ૧૦.૦૦
ગો ગોઆ ગોને : ૧.૧૫, ૭.૦૦

### ચિરાગ, કલોલ

ઔરંગજેબ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. સામાજિક કાર્યોથી આપની પ્રતિષ્ઠામાં વધારો થશે.

**વૃષભ** : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો. સામાજિક ક્ષેત્રમાં માન સન્માનમાં વધારો થઈ શકે છે.

**મિથુન** : વ્યાપારક્ષેત્રેમાં પ્રવાસનું આયોજન થશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. જે આપના આનંદમાં વધારો કરશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વ્યાપારક્ષેત્રમાં સંભાળવું. ધાર્મિકયાત્રા પ્રવાસનું આયોજન થશે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. વ્યાપારક્ષેત્રે નવી યોજનાઓ સફળ થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. કોઈપણ નિર્ણય પોતાની બુદ્ધિમતાથી લેવો. નવા સંબંધો બંધાશે.

**મીન** : કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. દિવસ સુખમય રીતે પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. પાર્વતીબેન મરઘાભાઈ પટેલ (ઉ.વ. ૭૨) મુ.પો. આલમપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. ગાંડાભાઈ મગનભાઈ વોરા (ઉ.વ. ૬૬) મુ.પો. મોટી શિહોલી, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. ભરતસિંહ ગોવિંદસિંહ વાઘેલા (ઉ.વ. ૫૮) પ્લોટ નં. ૨૫૯/૧, કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. મેનાબેન છનાભાઈ દંતાણી (ઉ.વ. ૬૦) પ્લોટ નં. બી/૧૪૪, જી.આઈ.ડી.સી, સેક્ટર-૨૫, ગાંધીનગર.